Gandhinagar Samachar (Guj.)

EDII

February 13, 2019
Pg.3

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આયોજિત ઉઘોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમનો પ્રારંભ




ગાંધીનગર, તા. ૧૨
કોઈ લક્ષ્ય કે ધ્યેયને હાંસલ કરવા માટે દૃઢ મનોબળથી કાર્ય કરવામાં આવે, તો તે હમેંશા હાંસલ થાય છે, તેવું આજરોજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ઈ.ડી.આઈ.આઈ. કેમ્પસમાં શરૂ કરવામાં આવેલા ઉઘોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમને ખુલ્લો મુકતાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા રાજયના અનુસૂચિત જાતિના યુવક/યુવતીઓ માટે ઈ.ડી.આઈ. આઈ., ભાટ ખાતે ઉઘોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય કરીને મંત્રી ઈશ્વરભાઈ પરમારે વધુમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ થકી ચાલનાર કોર્ષનો તાલીમાર્થી આવતીકાલનો બિઝનેશ આઈકોન પણ બની શકે છે.

કાર્યક્રમના આરંભે ઈ.ડી.આઈ.આઈ.ના નિયામક ર્ડા. સુનિલ શુકલાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ સંસ્થાના પ્રોઝેકટ નિયામક એસ.બી. સરીને તાલીમ વિશેની વિસ્તૃત સમજ આપી હતી. કાર્યક્રમના અંતે સંસ્થાના ફેકલટી પ્રકાશ સોલંકીએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના એમ.ડી ડી.એસ. ગઢવી, અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક પ્રકાશ સોલંકી સહિત મોટી સંખ્યામાં વિવિધ કોર્ષના તાલીમાર્થીઓ અને સંસ્થાના શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.